એલઆરડી મહિલા ઉમેદવારો પણ ગાંધીનગરમાં રસ્તા ઉપર ઉતરી : પોલીસે કરી અટકાયત

૨૦૧૮ની ભરતીના તમામ ઉમેદવારને ઓર્ડર આપવા માંગ : એલઆરડી વેઇટિંગના મુદ્દાને મહિલા ઉમેદવારોમાં રોષ જોવા મળી રહ્યો છે

ગાંધીનગર,તા.૨૩

ગાંધીનગરમાં છેલ્લા ઘણા દિવસથી એલઆરડી ભરતીમાં ૨૦ ટકા પ્રતીક્ષાયાદી જાહેર કરવાની માગ સાથે મહિલા ઉમેદવારો સરકાર સામે આંદોલન કરી રહી છે. ત્યારે આજ રોજ ગાંધીનગરમાં બેનર સાથે દેખાવ કરતી મહિલા ઉમેદવારોની પોલીસે અટકાયત કરી છે.

ગતરોજ પણ મહિલા ઉમેદવારોની પોલીસે અટકાયત કરી હતી. એલઆરડી મહિલા ઉમેદવારોએ સામૂહિક મુંડન કરાવવાની ચીમકી ઉચ્ચારી હતી, છતાં સરકાર દ્વારા વેઈટિંગ લિસ્ટ જાહેર કરવામાં ન આવતા મોટી સંખ્યામાં મહિલા ઉમેદવારો ગતરોજ વિધાનસભાના ગેટ નંબર એક ખાતે એકઠી થઈ હતી. જોકે, મુંડન કરાવે એ પહેલાં જ તેમની અટકાયત કરવામાં આવી હતી. આ દરમિયાન મહિલા ઉમેદવારો અને પોલીસ વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. વાસ્તવમાં ૧૬ જુલાઈ ૨૦૨૨ના રોજ એલઆરડી ૨૦૧૮ ભરતીનું વેઈટિંગ લિસ્ટ જાહેર કરવામાં આવ્યું હતું. જેમાં ૧૩૨૭ પુરૂષ અને ૧૧૧૨ મહિલા ઉમેદવારોની વેઈટિંગ લિસ્ટ જાહેર કરાઈ હતી. આ ૧૧૧૨ મહિલા ઉમેદવારોને બદલે ૧૦૧ ઉમેદવારોને જ ઓર્ડર અપાતા અન્ય મહિલા ઉમેદવારોમાં રોષ જોવા મળી રહ્યો છે. સરકારની જાહેરાત છતાં ઓર્ડર ન મળતા એલઆરડી મહિલા ઉમેદવારોમાં રોષ જોવા મળી રહ્યો છે. ૨૦૧૮-૧૯ એલઆરડી વેઈટિંગ મુદ્દે મહિલા ઉમેદવારો ગાંધીનગર ખાતે આંદોલન કરી રહી છે. આંદોલન કરી રહેલી મહિલા ઉમેદવારે જણાવ્યું કે, 'ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ ૨૦ ટકા વેઈટિંગ ઓપરેટ કરવાનું કહ્યું હતું અને તમામ ૨૦૧૮ વેઈટિંગ લિસ્ટવાળા મહિલા ઉમેદવારોને નિમણૂંક પત્ર આપવા આવશે એવી જાહેરાત કરી હતી. આજે દસ્તાવેજ ચકાસણી થયાને દોઢ મહિનો થયો છે. હજુ સુધી કોઈ નિમણૂક પત્ર આપવામાં આવ્યા નથી. વેઈટિંગ લિસ્ટ જાહેર કરવાની માંગ સાથે મહિલાઓ છેલ્લા ૧૯ જેટલા દિવસથી ગાંધીનગરમાં આંદોલન કરી રહી છે. જ્યાં સુધી ઉમેદવારોને અપાયેલું વચન પૂર્ણ કરવામાં નહીં આવે ત્યાં સુધી આંદોલન યથાવત રહેશે.'

આપને એ પણ જણાવી દઈએ કે, વર્ષ ૨૦૧૮ એલઆરડીની ભરતીમાં વેઈટિંગ લિસ્ટ જાહેર કરવાની માંગ કરી હતી.

ત્યારે રુપાણી સરકારે ૨૦ ટકા વેઈટિંગ લિસ્ટ જાહેર કરવાની જાહેરાત કરી હતી. પરંતુ તે અંગે કોઈ નિર્ણય લેવાયો ન હતો. આમ રાજ્યમાં ભૂપેન્દ્ર પટેલની નવી સરકારની રચના બાદ પણ આશ્વાસન અપાયું હતું. જેનો સુખદ નીવેડો આવ્યો હતો અને ગત ૧૬ જુલાઈના રોજ એલઆરડી ૨૦૧૮ ભરતીનું વેઈટિંગ લિસ્ટ જાહેર કરાયું હતું.

કોંગ્રેસ-એનસીપીનું ગઠબંધન થશે તો કોંગ્રેસ હારશેઃ નાથા ઓડેદરા

કોંગ્રેસ અને એનસીપીના ગઠબંધન સામે વિરોધ

પોરબંદર ,તા.૨૩

વિધાનસભાની ચૂંટણી પૂર્વે પોરબંદર કોંગ્રેસમાં વિવાદ સર્જાયો છે. ગઈકાલે પોરબંદર બેઠક પર સેન્સ પ્રક્રિયા હાથ ધરાઈ હતી. તે દરમિયાન કુતિયાણા બેઠક પર કોંગ્રેસ અને એનસીપીના ગઠબંધનની વાત સામે આવતા કોંગ્રેસના પૂર્વ જિલ્લા પ્રમુખ નારાજ થયા છે. આજ રોજ પૂર્વ જિલ્લા પ્રમુખ નાથા ઓડેદરાએ પત્રકાર પરિષદ યોજી એવું જણાવ્યું હતું કે, કોંગેસ અને એન.સી.પી. નું ગઠબંધન કોઈ કાળે નહીં થવા દઈએ. જો ગઠબંધન થશે તો કોંગ્રેસ પોરબંદર કુતિયાણા સહિત ૭ બેઠક ગુમાવશે. નાથા ઓડેદરા કુતિયાણા બેઠક ઉપરથી ચૂંટણી લડવા માટે ઈચ્છુક છે અને છેલ્લા ૩ માસથી તેઓ કુતિયાણા વિધાનસભા વિસ્તારના ગામડાઓનો પ્રવાસ કરી રહ્યા છે.

જો કોંગ્રેસ અને એન.સી.પી. નું ગઠબંધન થશે તો તેઓ ગાંધી ભૂમિ પોરબંદરથી અમદાવાદ ગાંધી ભવન સુધી પદયાત્રા કરશે અને જો કુતિયાણા વિધાનસભા બેઠક ઉપરથી ટિકિટ નહીં મળે તો આગામી દિવસોમાં તેઓ પોતાનું સ્ટેન્ડ નક્કી કરશે. હાલ તો એન.સી.પી અને કોંગ્રેસના ગઠબંધનથી પોરબંદરમાં વિરોધનો સૂર ઉઠ્યો છે. આપને જણાવી દઈએ કે, પોરબંદર જિલ્લા કોંગ્રેસના પૂર્વ પ્રમુખ નાથા ઓડેદરાએ પોતાના પ્રમુખના કાર્યકાળ દરમિયાન અનેક લોકોની મદદ કરી હતી.

પતંજલી યોગ સમિતિ, ગાંધીનગર અને માનસ યોગ સેવા ટ્રસ્ટ દ્વારા ત્રણ દિવસીય ભવ્ય યોગ શિબિરનું આયોજન કાનમ પાર્ટી પ્લોટ, કુડાસણ ખાતે કરવામાં આવ્યુ છે. આ યોગ શિબિરમાં ન્યુ ગાંધીનગરના વસાહતીઓ ઉલ્લાસભેર ભાગ લઈ સ્વસ્થ જીવન જીવવાની પદ્ધતિઓનું જ્ઞાન મેળવી રહ્યા છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના હસ્તે સુરતમાં રૂ.૩૪૦૦ કરોડથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત

કેન્દ્રમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને રાજ્યમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની ડબલ એન્જિન સરકાર આજે રાજ્યના સાડા છ કરોડ નાગરિકોના સપના સાકાર કરી રહી છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નેતૃત્વમાં ગુજરાતમાં વિવિધ વિકાસકાર્યો સંપન્ન થઈ રહ્યાં છે, ત્યારે રાજ્યના સુરત શહેરમાં પણ વિકાસના અનેકવિધ કાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત થવા જઈ રહ્યું છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સપ્ટેમ્બર મહિનાના અંતમાં ગુજરાતમાં ૨ દિવસના પ્રવાસે છે. તારીખ ૨૯ સપ્ટેમ્બરે વડાપ્રધાન મોદી સુરતની મુલાકાત લેશે અને તે દરમિયાન તેઓ રૂ.૩૪૭૨.૫૪ કરોડના વિવિધ વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

આ વિવિધ વિકાસકાર્યોમાં પાણી પુરવઠાના રૂ.૬૭૨ કરોડના કાર્યો, રૂ.૮૯૦ કરોડના ડ્રેનેજ પ્રોજેક્ટ્સ, રૂ.૩૭૦ કરોડના ડ્રીમ (DREAM) સિટીના કાર્યો, રૂ.૧૩૯ કરોડના ખર્ચે બાયોડાયવર્સિટી પાર્ક તેમજ અન્ય વિકાસકાર્યો જેવાં કે પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, હેરિટેજ રિસ્ટોરેશન, સિટી બસ / બીઆરટીએસ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, ઈલેક્ટ્રિક વેહિકલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર તેમજ કેન્દ્ર અને રાજ્ય સરકાર દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવેલા વિકાસકાર્યોનો સમાવેશ થાય છે.

ડ્રીમ (DREAM) સિટીના મુખ્ય પ્રવેશદ્વાર તેમજ ફેઝ-૧ના કાર્યોનું લોકાર્પણ સુરતના હીરાઉદ્યોગના વેપારીઓ માટે શરૂ કરવામાં આવેલો મહત્વાકાંક્ષી ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કન્ટાઈલ (DREAM) સિટી પ્રોજેક્ટ પૂરજોશથી આગળ વધી રહ્યો છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી ડ્રીમ સિટીના રૂ.૧૦૩.૪૦ કરોડના ખર્ચે તૈયાર થયેલા ફેઝ-૧ રોડ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કાર્યોનું લોકાર્પણ કરશે. આ સાથે જ, રૂ.૯.૫૩ કરોડના ખર્ચે તૈયાર થયેલા ડ્રીમ સિટીના મુખ્ય પ્રવેશદ્વારનું લોકાર્પણ પણ કરવામાં આવશે. આ ઉપરાંત, ફેઝ-૨ના કાર્યોનું ખાતમુહૂર્ત કરવામાં આવશે. આમ, વડાપ્રધાનશ્રી ડ્રીમ સિટીના કુલ રૂ.૩૬૯.૬૦ કરોડના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે.

ઉલ્લેખનીય છે કે, સુરતમાં ડાયમંડ ટ્રેડિંગ બિઝનેસના ઝડપી વિકાસને કારણે એક પૂરક તરીકે કોમર્શિયલ અને રેસિડેન્શિયલ સ્પેસની વધતી માંગને પહોંચી વળવાના વિઝન સાથે ગુજરાત સરકારે એક સ્પેશિયલ પર્પઝ વ્હીકલ (SPV)ની રચના કરી, જેને ડાયમંડ રિસર્ચ એન્ડ મર્કેન્ટાઈલ સિટી લિમિટેડ (DREAM સિટી લિમિટેડ) નામ આપવામાં આવ્યું. આ ડ્રીમ સિટી તેના હિતધારકો માટે સર્વિસ પ્રોવાઈડર તરીકે કામ કરશે. હાલ ફેઝ-૧ અને ફેઝ-૨ સંબંધિત રૂ.૪૦૦ કરોડના ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું અમલીકરણ કરવામાં આવી રહ્યું છે.

વિપુલ ચૌધરીને મુક્ત કરાવવા રણશિંગું ફૂંકાયું

આમણાંત ઉપવાસની ચીમકી : અર્બુદાસેનાના પ્રદેશ આગેવાનોએ રવિવાર અને સોમવારે ઢીમા અને ભિલોડામાં મહાસંમેલનનું આયોજન કરવાનું નક્કી કર્યું છે

અમદાવાદ,તા.૨૩

ગુજરાતના પૂર્વ ગૃહમંત્રી અને અર્બુદા સેનાના સ્થાપક વિપુલ ચૌધરીને મુક્ત કરાવવા માટે ચૌધરી સમાજ હવે આક્રામક મૂડમાં દેખાઈ રહ્યો છે. જો વિપુલ ચૌધરીને મુક્ત કરવામાં નહીં આવે તો આમરણાંત ઉપવાસ કરવાની પણ મહંત દ્વારા ચીમકી ઉચ્ચારવામાં આવી છે. આ ઉપવાસમાં હજારો લોકો જોડાશે તેમ કહેવામાં આવી રહ્યું છે.

મહેસાણા પાસેના અર્બુદાધામમાં પાઘડીના અધ્યક્ષ સ્થાને સદભાવના યજ્ઞ-મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. દૂધ ભરવાનું બંધ કરવાની પણ ચીમકી ઉચ્ચારવામાં આવી છે. ઓબીસી એકતા મંચ, માલધારી સમાજ સહિતના જૂથ વિપુલ ચૌધરીના સમર્થનમાં આવ્યા છે. આગામી દિવસોમાં પણ મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. રિપોર્ટ્સ મુજબ ગુરુવારે મહેસાણા પાસેના બાસણામાં અર્બુદાધામમાં સદભાવના યજ્ઞ અને મહાસંમેલન યોજાયું હતું જેમાં રાજ્યભરમાંથી ચૌધરી સમાજના લોકો ઉમટી પડ્યા છે.

આ મહાસંમેલન અને યજ્ઞના કાર્યક્રમમાં વિપુલ ચૌધરીને જલદી મુક્ત કરવામાં આવે તેવી માગણી કરવામાં આવી હતી. વિપુલ ચૌધરીને ૨૫મી સપ્ટેમ્બર સુધીમાં મુક્ત કરવામાં નહીં આવે તો અર્બુદાધામના મહંત જાખડ ઋષિએ આમરણાંત ઉપવાસ પર ઉતરવાની ચીમકી ઉચ્ચારી છે, જેમાં આંજણા સમાજ સહિત ઓબીસી સમાજના હજારો લોકો જોડાશે તેવી વાત કરવામાં આવી છે. અર્બુદાસેનાના પ્રદેશ આગેવાનોએ રવિવાર અને સોમવારે ઢીમા અને ભિલોડામાં મહાસંમેલનનું આયોજન કરવાનું નક્કી કર્યું છે. જેમાં ૨૫મીએ સૂઈગામ તાલુકાના ઢીમામાં તથા ૨૬મીએ અરવલ્લીના ભિલોડામાં અર્બુદાસેના દ્વારા મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં રાજ્યભરમાંથી મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહેશે.

અર્બુદાસેનાના મહેસાણા જિલ્લા પ્રમુખ મોંઘજીભાઈ ચૌધરીએ જણાવ્યું છે કે વિપુલ ચૌધરીને મુક્ત કરાવવા માટે પ્રદેશ આગેવાનો જે રણનીતિ તૈયાર કરે તે પ્રમાણે આગળ વધીશું અને જરુર પડ્યે જેલભરો આંદોલન પણ કરીશું. વિપુલ ચૌધરીને મુક્ત કરાવવા માટે અર્બુદાસેના સહિત સમાજના આગેવાનો દ્વારા ચીમકી ઉચ્ચારવામાં આવી રહી છે.

ઘાસચારા માટેની ૫૦૦ કરોડની સહાય ન ચૂકવાતા સરકારી કચેરીઓમાં ગાયો બાંધી વિરોધ

પાંજરાપોળોમાંથી ગાયોને રસ્તા પર છોડી દેવાઈ : આગાઉ આપેલી ચીમકી પગલે આજે વહેલી સવારે રાધનપુર પ્રાંત કચેરી તેમજ મામલતદાર કચેરીમાં ગૌભક્તોએ ગાયોનો ખડકલો કર્યો છે

બનાસકાંઠા,તા.૨૩

સરકાર દ્વારા ગાયો માટે ઘાસચારોના સહાય માટે ૫૦૦ કરોડની જાહેર કરવામાં આવી હતી. જાહેર કરેલી સહાય મામલે ગૌભક્તો હવે સહાય ન ચૂકવાતા વિરોધ કરી રહ્યા છે. જાહેર કરેલી સહાય ચૂકવવા ગૌભક્તો સરકાર સામે વિવિધ રીતે વિરોધ કરી રહ્યા છે. જો સત્વરે સહાય નહિ ચૂકવામાં આવે તો રાધનપુરના ગૌભક્ત તેમજ ગૌશાળા સંચાલકોએ પશુઓને સરકારી કેચેરીમાં ગાયો છોડવાની આપી ચીમકી હતી. આજે સવારે બનાસકાંઠાના લાખણી ખાતે ગૌશાળાના સંચાલકોએ ગાયોને જાહેર રસ્તા પર છોડી દીધી હતી. આગાઉ આપેલી ચીમકી પગલે આજે વહેલી સવારે રાધનપુર પ્રાંત કચેરી તેમજ મામલતદાર કચેરીમાં ગૌભક્તોએ ગાયોનો ખડકલો કર્યો છે. રાધનપુર ગૌભક્તોએ સુરભીગૌશાળા તેમજ પાંજરાપોળની ગાયો સરકારી કચેરીમાં બાંધી વિરોધ કર્યો છે. ગાયોને એક દિવસ પૂરતો ઘાસચારો નાખી પ્રાંતકચેરી તેમજ મામલતદાર કચેરીમાં બાંધવામાં આવી છે. જો સત્વરે સરકાર દ્વારા સહાય ચૂકવવામાં નહી આવે તો હજુ પણ જાહેર માર્ગો પર બનાસકાંઠાના ૧૮૦ ગૌશાળાની ગાયો છોડવાની ગૌભક્તો આપી ચીમકી આપી રહ્યા છે. ઉલ્લેખનીય છે કે, ચીમકીને પગલે બનાસકાંઠાનું તંત્ર એલર્ટ મોડમાં આવી ગયું છે. આ સાથે જ ગૌશાળા અને પાંજરાપોળની પશુઓ છોડવાની ચીમકીના પગલે પોલીસ પણ એલર્ટ મોડમાં આવી ગઈ છે.

રાઈનોને બચાવવા લોકજાગૃતી માટે ઈન્ડિયન ઓઈલની પહેલ

એક શિંગડાવાલા ગેંડાના સંરક્ષણ માટે વિવિધ પહેલ

અમદાવાદ, તા.૨૩

સમુદાયની જીવનશૈલીની ગુણવત્તાને સમૃદ્ધ બનાવવામાં અને મજબૂત પર્યાવરણીય અંતઃકરણ દ્વારા પારિસ્થિતિક સંતુલન અને ધરોહરને જાળવી રાખવામાં સહાય કરવાના ઈન્ડિયન ઓઈલના વિઝન અને મિશનના મૂળ સૂત્રને આગળ ધપાવતા ઈન્ડિયન ઓઈલે, ડબલ્યુડબલ્યુએફ અનુસાર લુપ્તપ્રાયઃ થવાનું જોખમ ધરાવતાં એક શિંગડાવાળા ગેંડા(રાઈનો)ના સંરક્ષણ માટે વિવિધ પહેલ હાથ ધરી છે. રાઈનોઝના રક્ષણ અંગે જાગૃતિ ફેલાવવા માટે કોર્પોરેશન દ્વારા વર્લ્ડ રાઇનો ડે પ્રોગ્રામના ભાગરૂપે ટોક શો, પેઈન્ટિંગ કોમ્પિટિશન અને અન્ય વિવિધ માહિતીપ્રદ અભિયાનોનું આયોજન કરવામાં આવ્યું હતું. ગુજરાત રાજ્ય કચેરીના એક્ઝિક્યુટિવ ડિરેક્ટર અને સ્ટેટ હેડ, એમ. અન્ના દુરાઈએ સ્ટેચ્યુ ઓફ યુનિટી નજીક કેવડીયા પ્રાણી સંગ્રહાલયની મુલાકાત લીધી હતી. તેમણે ગેંડાઓની સંભાળ લેનારાઓ સાથે વાતચીત કરી અને તેમના પ્રયત્નોની પ્રશંસા કરી હતી.

મિજાજ બદલાયો

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જયાં ચઢે ત્યાં પડે તેવી સ્થિતિ છે. આ સ્થિતિ વચ્ચે શહેરમાં નવરાત પર્વને અનુલક્ષી તડામાર તૈયારીઓ પણ અંતિમ તબક્કામાં ચાલી રહી છે. આવા સંજોગોમાં મોસમ પણ છેલ્લા ચાર પાંચ દિવસથી ફેવરેબલ રહેતા ખૈલેયાઓમાં ઉત્સાહ પ્રવર્તયો છે. જયારે કોરોના કાળમાં બે વર્ષના અંતે ગરબા મહોત્સવની ઉજવણીનુ આયોજન કરવામાં આવ્યુ છે. ત્યારે વરસાદી વિઘ્ન ઉભુ ન થાય તેવી લાગણી પણ પ્રબળ બની છે. આ સ્થિતિ વચ્ચે આજે વરસાદી વાદળોએ આકાશમાં ડોકીયુ કર્યુ હતુ પરંતુ થોડીવારમાં વાદળો વિખેરાઈ જતા ગરબા પ્રેમીઓની ચિંતા હળવી થઈ હતી. બીજીતરફ નગરજનો એક રીતે અત્યાર થી જ ડબલ સિઝનની અસર અનુભવી રહ્યા હોય તેવી સ્થિતિ છે. મોસમના બદલાતા મિજાજ સાથે વહેલી સવારે અને મોડી રાત્રે વાતાવરણમાં ઠંડક પ્રવર્તે છે. આજે પણ સવારથી ઠંડા પવનનુ જોર વધુ રહ્યુ હતુ જેના લીધે નગરજનોએ ખુશ્નુમા વાતાવરણનો અનુભવ કર્યો હતો.

લોકાર્પણ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ચોમાસા દરમિયાન અન્ડરપાસના બોક્ષસમાં પાણી ન ભરાય એ હેતુથી પાણીના નિકાલ માટે સ્ટ્રોમ વોટર ડ્રેઈનેજ નાખવામાં આવેલ છે. તેમજ આ પાણીના નિકાલ માટે અન્ડરપાસના બોક્ષસની બંને તરફ એક-એક એમ કુલ બે સમ્પ બનવવામાં આવેલ છે. જેમાં દરેક સમ્પમાં ચાર એમ કુલ આઠ પમ્પ મકુવામાં આવ્યા છે. જેના દ્વારા પાણીનો તુરંત નિકાલ થઈ શકશે.

અન્ડરપાસના બોક્ષસની ઉપર સેન્ટ્રલ વિસ્ટાના મંજુર થયેલ નકશા અનુસાર સેન્ટ્રલ વિસ્ટા ડેવેલોપમેન્ટ અંતર્ગત સેન્ટ્રલ વિસ્ટાની એકસુત્રતા જળવાઈ રહે એ પ્રકારે ગાર્ડન ડેવલોપ કરવામાં આવેલ છે.

સમયસર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

કચેરીઓમાં બોરવેલનું પાણી વપરાય છે અરે એ તો ઠીક નર્મદાનું પાણી કચેરીઓમાં પણ પહોંચ્યુ નથી તો ગ્રામ્ય વિસ્તારમાં ક્યારે પહોંચશે.

ગ્રામીણ વિસ્તારમાં પ્રવેશોત્સવ પછી બે વખત ગ્રામસભાઓના આયોજનો થયા. તેમાં આ મુદ્દે કોઈ ચર્ચા ના થઈ ખુબ દુઃખદ છે. ગ્રામીણ સરપંચોને નર્મદાનું પાણી લેવા સમજાવવાના પ્રયાસો પંચાયતોના કોઈ પદાધિકારીઓએ કર્યા નહિ તે વધુ દુઃખદ છે.

ગ્રામીણ વિસ્તારમાં વૉટર મેનેજમેન્ટ કે વૉટર બજેટીંગને લઈ ક્યારેય પંચાયતના કોઈ સ્તરે ચર્ચા નહિ કરવાનું કોણ ભૂલી ગયુ. મુખ્ય સચિવની સૂચનાએ માત્ર શબ્દો જ ઉચ્ચારાયેલા હતા કે પછી આદેશ માની અમલીકરણ કરવામાં કોણ ઉણુ ઉતર્યુ ? તળાવોના ઈન્ટર લીંકેજીસની વાત ગૃહમંત્રી સાંસદ અમીત શાહે પણ કરી હતી અને મુખ્ય સચિવે પણ દોહરાવી તો આ બાબતે કેમ કોઈ નક્કર કામગીરી થઈ નથી તે હજુ સમજી શકાયુ નથી.

ફુડકોર્ટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તબક્કાવાર ફાળવી દેવામાં આવી હતી. જયારે નવી ગટર લાઈન નાંખવા માટે પણ રૂ ૬૫ લાખનો ખર્ચ કરવામાં આવ્યો છે. પાટગર યોજના વિભાગ દ્વારા ફુડકોર્ટ સંદર્ભે થતી ભાડા વસુલીના અંતે અંદાજિત ૨૦ લાખ જેટલુ ભાડુ બાકી છે. જયારે નોટીસના અંતે પણ વેપારીઓ ભાડુ ચુકવવામાં નિરસતા દાખવી રહ્યા છે. જયારે કોરોના કાળમાં ભાડામાં માફી અપાયા બાદ નિયમિત રૂપે હવે ભાડુ ચુકવવામાં પણ ઉદાસીનતા દાખવતા વેપારીઓ સામે દંડનીય કાર્યવાહી હાથ ધરવાનો પણ નિર્ણય લેવાયો હતો. એક સમયે તો ભાડા વિના આ દુકાનો જપ્ત કરવા સુધીના પગલા લેવા પણ વિચારણા હાથ ધરવામાં આવી હતી. ફુડકોર્ટના નિર્માણ તેમજ તેની જાળવણી પાછળ પણ તંત્રએ અત્યાર સુધી લાખો રૂપિયાનો ખર્ચ કર્યો છે જયારે ભાડા વસુલીના મામલે પણ સરકારે હાલ આર્થિક નુકસાની સહન કરવાનો વારો આવ્યો છે. બીજીતરફ શહેરના હાર્દ સમા વિસ્તારમાં સ્થિત ઓપન એર થિયેટરની જેમ ફુડકોર્ટનો હવાલો પણ હવે કોર્પોરેશનને સોંપી દેવા માટે વિચારણા હાથ ધરવામાં આવી છે. શહેરની લગ્નવાડી, સેકટરાના બગીચાઓ, રંગમંચોની સાથે ઓપન એર થિયેટર સાથે હવે ફુડકોર્ટ પણ કોર્પોરેશનને સોંપી દેવા માટે ટુંકમાં જ ગતિવિધિઓ હાથ ધરાશે.

રીસરફેસીંગ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુડા દ્વારા માર્ગોના રીસરફેસીંગની કામગીરી શરૂ કરી દેવામાં આવી છે. ગુડા દ્વારા વિવિધ ટી પી વિસ્તારમાં હાલ માળખાગત સુવિધાના કામો પણ હાથ ધરવામાં આવ્યા છે. નવા આવાસો બાંધવા ઉપરાંત રસ્તા, પાણીની લાઈન તેમજ સ્ટ્રીટ લાઈટ સહીતની કામગીરી માટે પણ આયોજન કરાયુ છે. જયારે ન્યુ ગાંધીનગરના કેટલાક વિસ્તારમાં ગુડા દ્વારા સ્ટોર્મ વોટર લાઈનનુ કામ હાથ ધરવામાં આવ્યુ હતુ જેના લીધે કુડાસણ સહીતના કેટલાક ભાગમાં માર્ગોની દશા અત્યંત ખરાબ જોવા મળી રહી છે. સ્ટોર્મ વોટર લાઈનની કામગીરીની સાથે છેલ્લા ત્રણ મહીનાથી સતત વરસાદના લીધે પણ માર્ગોની હાલત વધુ ખરાબ થઈ ગઈ છે. સતત વરસાદના લીધે માર્ગોનુ ધોવાણ થયુ છે. જયારે વરસાદી પાણીના નિકાલની લાઈનની કામગીરી દરમિયાન પણ ખોદકામના અંતે માર્ગો ઉબડ ખાબડ બન્યા છે. આ સ્થિતિમાં વાહનચાલકો તેમજ સ્થાનિક રહીશો પણ પરેશાન થઈ ગયા છે. વરસાદી દિવસોમાં માર્ગો પરના ગાબડા હોવાની સાથે ઉબડ ખાબડ માર્ગો પર માર્ગ સલામતી પણ જોખમાય તેવી સ્થિતિ છે. સ્ટોર્મ વોટર લાઈનની કામગીરી બાદ ઘણાં ઠેકાણે રસ્તાઓ પર મોટા ખાડા અસ્તિત્વમાં આવ્યા છે. ગુડા દ્વારા કુડાસણમાં માર્ગોનુ રીસરફેસીંગ શરૂ કરી દેવાયુ છે. જયારે દિવાળી પુર્વે વિવિધ વિસ્તારમાં માર્ગો પરના ગાબડા પુરવા સહીત રીસરફેસીંગનુ કામ પણ પુર્ણ કરી દેવાશે.

બદલી કરાઈ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર જિલ્લા નાયબ ચૂંટણી અધિકારી તરીકે બનાસકાંઠામાં ફરજો બજાવતા વાય.ડી. ગોહિલને નિયુક્ત કરવામાં આવ્યા છે. આ જ રીતે સ્ટેમ્પ ડ્યુટીના ડે. કલેક્ટર તરીકે સ્પીપામાં ફરજો બજાવતા કુલદીપ દેસાઈને નિયુક્ત કરવામાં આવ્યા છે.

ગુડામાં ડે. કલેક્ટર તરીકે ઔડામાં મામલતદાર તરીકે ફરજો બજાવતા વી.એન. ભગોરાને નિયુક્ત કરવામાં આવ્યા છે.

તોડફોડ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પીએફઆઈની કેરલમાં પ્રસ્તાવિત હડતાલને બિનજરુરી ગણાવી અને રાજ્ય સરકાર પાસેથી તેના વિરુદ્ધ કડક કાર્યવાહી કરવાનો આગ્રહ કર્યો છે. પીએફઆઈ તરફથી શુક્રવારે બોલાવામાં આવેલા બંધને જોતા કેરલ પોલીસે રાજ્યમાં સુરક્ષા કડક કરી દીધી છે. જિલ્લા પોલીસ પ્રમુખે કાયદો અને વ્યવસ્થા બનાવી રાખવાના નિર્દેશ જાહેર કર્યા છે. પોલીસ તરફથી જાહેર કરવામાં આવેલા નિવેદન અનુસાર, કાયદો તોડનારા વિરુદ્ધ કડક કાર્યવાહી કરવામાં આવશે. સરકારી બસ સેવા કેએસઆરટીસીએ કહ્યું કે, તે બસનું સંચાલન ચાલુ રાખશે. પરિવહન નિગમે કહ્યું કે, જરુર પડશે તો હોસ્પિટલ, એરપોર્ટ તથા રેલ્વે સ્ટેશનો સુધી પહોંચવા માટે વિશેષ સેવા સંચાલિત કરવામાં આવશે. પરિવહન નિગમે કહ્યું કે, જો જરુરી લાગશે તો, પોલીસ સુરક્ષાની માગ પણ કરી છે.પીએફઆઈએ અહીં એક નિવેદનમાં કહ્યું કે, કેન્દ્રીય એજન્સીઓની કાર્યવાહીના વિરોધમાં કેરલમાં શુક્રવારે સવારથી સાંજ સુધી અહીં હડતાલનું આહ્વાન કરવામાં આવ્યું છે.

આગામી મહિને

● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવ્યું છે કે, પીએમ મોદીની આ યાત્રા જો ફાઈનલ થાય છે કે, આ દિવાળીની નજીક થઈ શકે છે. આ યાત્રા પર એફટીએ પર હસ્તાક્ષર સંભવ છે. જો કે, હજૂ સુધી બંને દેશો તરફથી કોઈ પણ પ્રકારની સત્તાવાર સૂચના આપવામાં આવી નથી. બંને દેશો વચ્ચે અમુક મામલામાં એગ્રીમેંટ પર અમુક મામલામાં ચર્ચા બાકી છે. તેમાં માઈગ્રેશન, ઓટોમોબાઈલ અને મોબિલિટી શામેલ છે. બ્રિટેન તરફથી મોબિલિટી અને માઈગ્રેશન પર જે ટર્મ્સ ઓસ્ટ્રેલિયાની સાથે ૨૦૨૧માં સાઈન કર્યા હતા, તેમને જ ભારતને ઓફર કર્યા છે. યુકે અને ઓસ્ટ્રેલિયાની વચ્ચે આ કરાર બાદ બ્રિટેનને એ આઝાદી મળી છે કે, તે ઓસ્ટ્રેલિયાના નાગરિકોને કેટલાય સેક્ટર્સમાં ભરતી કરી શકે છે. તેમાં પ્રોફેશનલ્સ જેવા એન્જીનિયર અને આર્કિટેક્ચર વગેરે સામેલ છે. જો કે, ભારત તરફથી તેના પર હાલમાં કોઈ જવાબ આવ્યો નથી. એક અન્ય અધિકારીએ નામ જણાવ્યા વિના કહ્યું કે, આ મામલામાં ૨૬ ચેપ્ટરનું એગ્રીમેન્ટ બનાવ્યું છે. બંને દેશ એકબીજાની સંવેદનશીલતા સમજે અને તે હિસાબે એડજસ્ટ કરે છે. બંને દેશો તરફથી કંસલ્ટેશનને ફાસ્ટ ટ્રેક પર લાવવામાં આવે, જેથી ઓક્ટબરની શરુઆત પર તેને પુરુ કરી શકાય .

છોડવા તૈયાર

● અનુસંધાન પહેલાનું ચાલુ

પોતે કોંગ્રેસ અધ્યક્ષ પદ માટે નામાંકન કરવાના છે તે પણ સ્પષ્ટ કરી દીધું છે.

ગાંધી પરિવારના ઉમેદવાર ગણાતા ગેહલોતે જયપુર ખાતે પોતાનું સીએમપદ છોડવાનો ઈશારો કરીને કોંગ્રેસ અધ્યક્ષની ચૂંટણીના મેદાનમાં ઝંપલાવવાના નિર્ણયની જાહેરાત કરી હતી. અગાઉ તેમણે પોતે કોંગ્રેસ અધ્યક્ષ તરીકે ચૂંટાઈ ગયા બાદ પણ રાજસ્થાનના મુખ્યમંત્રીનું પદ જાળવી રાખશે તેમ જણાવ્યું હતું.

જોકે રાહુલ ગાંધી દ્વારા 'એક વ્યક્તિ અને એક પદ'ના સિદ્ધાંતની વકીલાત કરવામાં આવી ત્યાર બાદ ગેહલોતના સૂરમાં પણ પલટો જોવા મળી રહ્યો છે. રાહુલ ગાંધીએ કહ્યું હતું કે, નવા પાર્ટી પ્રમુખે 'એક વ્યક્તિ એક પદ'ના સિદ્ધાંતનું પાલન કરવું પડશે.

કોંગ્રેસ અધ્યક્ષ પદની ચૂંટણી માટે જાહેરનામું બહાર પડ્યું તે બધા વચ્ચે પાર્ટીના નેતા રાહુલ ગાંધીએ પોતે પાર્ટી અધ્યક્ષ પદની ચૂંટણી નહીં લડે તેવા સંકેત આપ્યા છે.